ગાંધીનગર સમાચાર
તા. ૬-૬-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### તંત્રને મોદીમંત્ર : 'કામ પ્યારા હૈ, ચામ નહીં'

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વહીવટીતંત્ર સાથે પહેલાં જ દિવસથી સીધો સંબંધ સ્થાપી દઈ એમની ગતિશીલતાનો પરચો બતાવી દીધો છે. સામાન્ય રીતે વડાપ્રધાન સચિવો સાથો સીધો સંવાદ કરતા નથી. જે તે વિભાગના મંત્રીઓ જ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરતા હોય છે અને વડાપ્રધાનના સચિવાલયના અધિકારીઓને પોતાના વિભાગની કામગીરીથી વાકેફ રાખતા હોય છે. જરૂર પડ્યે વિભાગના મંત્રી એમના સચિવને સાથે લઈ વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરવા જતા હોય છે. આ ચીલાચાલુ પદ્ધતિમાં વડાપ્રધાન વહીવટીતંત્રથી અળગા પડી જાય છે અને પરિણામે જે તે વિભાગ એના વડા તરીકે મંત્રીને જ વફાદાર રહી અનુકૂળ કાર્યવાહી કરે છે. મંથર ગતિએ ચાલતી આ સરકારી કામગીરીમાં ફાઈલો વર્ષો સુધી અટવાતી રહે છે, અંદર ટેબલ વહેવારો ચાલતા રહે છે. કયારેક તો વડાપ્રધાનને ખબર પણ ન હોય એવા પરાક્રમો થતાં રહે છે. સાલસ સ્વભાવના અર્થશાસ્ત્રી વડાપ્રધાન આવાં જ પરાક્રમોના ભોગ બની ગયા તે સર્વવિદિત છે. નરેન્દ્રભાઈ એમના પુરોગામી વડાપ્રધાનની ભૂલોમાંથી બોધપાઠ લઈ નિરંકુશ નોકરશાહીને પોતાના સીધા નિયંત્રણ હેઠળ આણવા કૃતસંકલ્પ છે. ફાઈલોના ઢગ ખડકાતા રહે અને કશો નિર્ણય થાય જ નહીં એને અંગ્રેજીમાં 'રેડ ટેપિઝમ' અને હિંદીમાં 'લાલ ફીતાશાહી' કહેવાય છે. મોદી આ ઢીલી કામગીરીને ઝડપી બનાવી તંત્રને પરિણામલક્ષી બનાવવા માગે છે. તેથી મંત્રીમંડળના સભ્યો સાથે બેઠક કરી લઈ એમને સો દિવસનાં લક્ષ્યાંક આપ્યા પછી એમણે કેન્દ્ર સરકારની કરોડરજ્જુ સમા સચિવો સાથે સીધો સંવાદ કરવાનો નવો ચીલો ચાતર્યો છે. કામ કરવા માંગતા અધિકારીઓને એ છૂટો દોર આપવાના હિમાયતી છે. આ અંગેનું સૂચન એમણે મંત્રીમંડળની પહેલી જ કેબિનેટ મળી ત્યારે કર્યું હતું, જે કેટલાક વરિષ્ઠ મંત્રીઓને નહોતું ગમ્યું. મંત્રીઓ પોતાના હસ્તક આવેલા વિભાગને પોતાનું આગવું રજવાડું માનીને ચાલતા હોય ત્યાં અધિકારીને એની રીતે આગળ વધવા દેવાનું સૂચન એમને થોડું ગમે? પરંતુ નરેન્દ્ર મોદીની કામ લેવાની આ જ તો ખાસ સ્ટાઈલ રહી છે. એમને સમયબદ્ધ અને પરિણામલક્ષી કામગીરી ખપે છે. ગુજરાતમાં એમણે આ જ પદ્ધતિ અપનાવી હતી અને રાજયને દેશ અને દુનિયામાં આગવી ઓળખ સાંપડી હતી. વિકાસપુરૂષ તરીકેની મૂઠી ઊંચેરી છાપને કારણે જ મોદી યુપીએ સરકારની સામે એકલપંડે ઝઝૂમીને ભારતીય જનતા પાર્ટીને આજની સ્થિતિએ પહોંચાડી શક્યા છે. હવે એ જ કાર્યશૈલી અપનાવી તેઓ સ્થગિત થઈ ગયેલી કેન્દ્ર સરકારને દોડતી કરી મૂકવા માગે છે. સચિવો અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ એમના હાથવગ છે. એમણે કેન્દ્રમાં રાજીવ ગાંધીએ શરૂ કરેલ પાંચ દિવસના અઠવાડિયા વિશે પણ સમીક્ષા કરવાનું મન બનાવી લીધું છે. બનવાજોગ કે છેલ્લાં ઓગણત્રીસ વરસથી ચાલી આવતી પશ્ચિમના દેશો જેવી કાર્યપદ્ધતિમાં ફેરબદલ કરી તેઓ શનિવારની રજા રદ કરી નાખે અથવા ગુજરાતની જેમ દર બીજા અને ચોથા શનિવારે પૂરતી જ રજાવાળી પદ્ધતિ અમલી બનાવે. કદાચ 'વીક એન્ડ'ની મોજ માણવા ટેવાઈ ગયેલી નોકરશાહી વર્તમાન સિસ્ટમ ચાલુ રાખવા આગ્રહ કરશે તો મોદી એમના કામના કલાકો તો વધારીને જ જંપશે. મોદીએ અધિકારીઓની કામગીરીના પાછલા રેકોર્ડ ખંગાળવાનું અને એ મુજબ એમની કાર્યનિષ્ઠાનું મૂલ્યાંકન કરવાનું શરૂ કરી દીધું છે. સરકારી અધિકારીઓની કામગીરીને તેમનાં પ્રોજેક્ટ ડિલીવરીના રેકોર્ડ, તટસ્થતા અને સમર્પણ જેવા મુદ્દાઓ પર ચકાસવામાં આવી રહી છે. ઉત્સાહી અધિકારીઓ ઈચ્છે તો વડાપ્રધાન સાથે એમનાં વિચારોની સીધી આપલે કરી શકશે, એવા અભિગમથી ગતિશીલ અને ઈનોવેટિવ - સર્જનાત્મક વિચારો રજૂ કરવા માગતા અધિકારીઓ માટે કશુંક નવું અને નક્કર કરી બતાવવાની તક ઊભી થઈ છે તો સામે પક્ષે પેલા રેઢિયાળ અને આળસુ અધિકારીઓમાં વડાપ્રધાનની આંખમાંથી ઊતરી જવાની ફડક પણ પેસી ગઈ છે. પોતાનું ધાર્યું કરવા ટેવાયેલા વડાપ્રધાને ગર્ભિત સંકેત પાઠવી જ દીધો છે. મોદીમંત્રને સાનમાં સમજનારા સમજી ગયા છે કે પ્રધાનમંત્રીજી કો કામ પ્યારા હૈ, ચામ નહીં! મોદી અને મનમોહન વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. મોદી ઉપર કોઈનું નિયંત્રણ નથી તેમ એમને ગઠબંધનવાળી પાર્ટીઓની પણ ઝાઝી ગરજ નથી. તેથી તેમને નવો ચીલો ચાતરી તંત્રને ગતિશીલ બનાવી ધાર્યાં નિશાન પાડવાની અનુકૂળતા છે. લચર અધિકારીઓ સામે જ નહીં, એવા મંત્રી સામે પણ જરૂર પડ્યે તેઓ ત્રીજું નેત્ર ખોલી શકશે. ભારતને વિશ્વની મહાસત્તા બનાવવાનું સપનું સાકાર કરવાની દિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તાનાં સૂત્રો સંભાળતાંની સાથે જ સક્રિય બની ગયા છે. નવી ટેકનોલોજીના ચાહક હોઈ એમને નવી પેઢીની આકાંક્ષાઓની પૂરતી માહિતી છે અને સ્વચ્છ પ્રતિભાવાળા અધિકારીઓને વધુ મહત્ત્વ આપવા કૃતસંકલ્પ છે. ટૂંકમાં 'ગુજરાત મોડેલ'નો વહીવટમાં પણ અમલ શરૂ થઈ જશે એ નક્કી છે.


# વિશ્વ પર્યાવરણ દિનો ગીર ફાઉન્ડેશન ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૫

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર કલેકટર કચેરી, આવ્યું હતું.

સમગ્ર ગાંધીનગર શહેરમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સ્વચ્છ વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આહલાદક વાતાવરણ વચ્ચે ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ એક અને ઉચ્ચતર માધ્યમિક અને કોલેજના પૂર્વ સ્નાતક વિદ્યાર્થીઓ મુજબના ત્રણ વિભાગમાં યોજાઈ





ગાંધીનગર મહાનગરપાલિકા અને ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્કના સંયુક્ત ઉપક્રમે આજરોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન ગીર ફાઉન્ડેશનઈન્દ્રોડા ખાતે કરવામાં ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગરના પાદરે આવેલા કુદરતી સોદર્યથી ભરપુર ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્ક ખાતે ધોરણ૧થી લઈ કોલેજના હજારથી વધુ સ્પર્ધકોએ મારું શહેર સ્વચ્છ શહેર, પક્ષીઓનું સ્વર્ગ અને મને ગમતું નગરનું હરિયાળુ સ્થળ વિષય પર અદૂભત ચિત્રોનું નિરૂપણ કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધા ધોરણ ૧ થી ૮, ધોરણ ૯ થી ૧૦ હતી. ત્રણેય કેટગરીમાં સુંદર મજાના ચિત્રો દોરનાર -થમ, દ્રિતીય અને તૃતીય ક્રમા ંકના સ્પર્ધાકોને અનુક્રમે રૂપિયા ૫૦૦૦/, ૨૫૦૦/ અને ૧૦૦૦/નું ઈનામ આપવામાં આવનાર છે.

ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને વન વિભાગ તરફથી ફૂલછોડના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે જિલ્લા કલેટકર શ્રી પી. સ્વરૂપ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ઘર્મેશ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશા શર્મા, ગાંધીનગર મામલતદાર શ્રી ડી. જી. મોદી સહિત સંબંધિત અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# આજે મહાત્મા મંદિરે ત્રિ-દિવસીય નોન વોવન ટેક એશિયા ૨૦૧૪નો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગુજનોન અને રેડિકાલ કોમ્યુનિકેશનના સંયુક્ત ઉપક્રમે નોનવોવન ટેક એશિયા ૨૦૧૪ પ્રદર્શનનો આજે પ્રારંભ કરાયો હતો. દેશના લોકોનું જીવન ધોરણ ઉંચુ આવે તે માટે આ એક્ઝીબીશનનું આયોજન કરાયું છે.

નોનવોવન ઉદ્યોગ એ વાપરીને ફેંકી દેવાય તેવી ડિસ્પોઝેબલ છતાં ટકાઉ વસ્તુઓ વોવન ટેક એશિયા ૨૦૧૪નું આયોજન હાથ ધરાયું છે. આ ત્રિ-દિવસીય એક્ઝીબીશનના પહેલા ચરણમાં વિવિધ નિષ્ણાંતોએ હાજરી આપી હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજનોનના સેક્રેટરી કર્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહ પછીના પહેલા સેશનમાં ડૉ. ચંદન ચેટર્જી, અનિલ રાજવૈદ્ય, રવિશંકર ગોપાલ અને રાકેશ શાહ જેવા નિષ્ણાંતોએ નોનવોવન ક્ષેત્રે વિવિધ માહિતીસભર



(તસવીર : કશ્યપ નિમાવત)



આ પ્રદર્શન તા. ૫મી જુનથી ૭મી જુન સુધી ચાલનાર છે. જેમાં એશિયા ભરમાંથી નોન-વોવન ક્ષેત્રે એટલે કે ડિસ્પોઝીબલ વસ્તુઓના ઉત્પાદકોથી લઈને તેની ટેકનોલોજીના નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે. ભારતમાં નોન વોવન ક્ષેત્રે ૨૫ ટકાના દરે વિકાસ થઈ રહ્યો છે. ત્યારે આ ઉદ્યોગ થકી બનાવતો ઉદ્યોગ છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા વપરાશકારો, સપ્લાયર્સ અને ઉત્પાદકોને એક મંચ પર લાવી તેમને આ ક્ષેત્રે ટેકનોલોજી અનેથી રહેલા ફેરફારો અંગે માહિતી મળી રહે તેમજ લોકોમાં પણ આ ઉદ્યોગ પ્રત્યે જાગૃતિ ફેલાય તે હેતુથી આ નોન હેમિલ પટેલે મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ મુખ્ય મહેમાન ગુજરાતના ઉદ્યોગ કમીશનર કમલ દયાણી અને કેન્દ્ર સરકારના ટેક્ષટાઈલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજીત ગુલાટીએ સંબોધન કર્યા હતા. આ સાથે અર્જુન જરીવાલાએ પણ પ્રાસંગિક પ્રવચન રજૂઆતો કરી હતી. આ ક્ષેત્રે નવા વિચારોથી લઈને વ્યાપારી તકો અને પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. આ એક્ઝીબીશનમાં નોન-વોવન ક્ષેત્રના મોટા ઉત્પાદકોથી લઈને તેની મશીનરી અને રો-મટીરીયલ્સ બનાવતા અનેક વેપારીઓ દ્વારા મોટી સંખ્યામાં ભાગ લેવાયો છે.

## હરિની દૃષ્ટિ...




આજે આટલી ગરમી અને ગરમ પવનનું કારણ મળી ગયું, પાંચમી જુન સતરસો ત્યાંશીમાં દુનિયાનું પહેલું 'હોટ-એર' બલુન ઉડાડ્યું હતું.

# મેડીકલ-પેરા મેડીકલ પ્રવેશ પ્રક્રિયા આજથી શરૂ થઈ જશે

અમદાવાદ, તા.૦૫

ધોરણ-૧૨ સાયન્સ પછીની મેડીકલ-પેરા મેડીકલ શાખાની બેઠકો પરની પ્રવેશ પ્રક્રિયાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી બીજે મેડીકલ સ્થિત પ્રવેશ સમિતિના ઉપક્રમે આ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવનારી છે. જે આવતીકાલથી શરૂ થઈને ૧૩મી જૂન સુધી ચાલશે. આ દરમિયાન એક્સિસ બેંકની નિયત શાખા ઉપરથી રૂા. ૧૮૦ની કિંમતની બુકલેટનું વિતરણ કરવામાં આવનાર છે. જ્યારે સાતમી જૂનથી ૧૭મી જૂન સુધીમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત બીજે મેડીકલ કોલેજ સહિતની ગુજરાતની વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર સરકારી મેડીકલ કોલેજ તેમજ કેન્દ્ર તેમજ પાટણની જીએમઈઆરએસ કોલેજમાં પ્રવેશ ફોર્મનો સ્વીકાર કરવામાં આવશે. આ ઉપરાંત ટપાલ કુરીયરથી કરવામાં આવેલી અરજીઓનો અસ્વીકાર કરવામાં આવશે. આ અંગે સેન્ટ્રલાઈઝ મેડીકલ એડમિશન કમિટીના ચેરમેન હંસા ગોસ્વામીએ જણાવ્યું હતું કે મેડીકલ-પેરા મેડીકલ શાખા પ્રવેશ ફોર્મ વિતરણનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ એક્સિસ બેંકની નિયત શાખા પરથી પ્રવેશ ફોર્મ મેળવ્યા બાદ અમદાવાદની બીજે મેડીકલ કોલેજ સહિતની સાત જેટલી કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મને સ્વીકાર કરાશે. ગ્લોબલાઈઝેશનના યુગમાં મેડીકલ-પેરા મેડીકલ શાખાની બેઠકો પરની પ્રવેશ પ્રક્રિયા ભાગરૂપે લોકોમાં મેડીકલ-પેરા મેડીકલમાં પ્રવેશ માટે ભારે ક્રેઝ આજે પણ જોવા મળી રહ્યું છે. આગામી દિવસોમાં પણ આ બ્રાન્ચ હોટ ફેવરીટ બની રહે તેવી શક્યતા છે. નોંધનીય છે કે મેડીકલ ૨૭૮૦ અને પેરા મેડીકલની ૬૦૦૦થી વધુ બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાનાર છે.

## પીએચ.ડી. પદવી મેળવી

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ



કોલેજના ડાયરેક્ટર જયેન્દ્રપ્રસાદ પાઠકે ગુજરાત રાજ્યની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભૌતિક વિજ્ઞાનના પાઠ્યક્રમનો વિકાસ વિષય પર ગણપત યુનિવર્સિટીના પૂર્વ અધ્યક્ષ ડૉ. પી.જી. પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધન કર્યુ છે. મહાનિબંધ ગણપત યુનિવર્સિટીએ માન્ય રાખવા પી.એચ.ડી.ની પદવી મેળવી છે. જયેન્દ્રપ્રસાદે ૬૯ વર્ષની ઉંમરે પદવી મેળવતા ઈન્ફોસિટી કોલેજ પરિવારે હાર્દિક શુભેચ્છા પાઠવી છે.

## ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓના પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૫

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના અનામત કક્ષાના વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ આગામી તા. ૯ જૂનના રોજ સે. ૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતેથી ભરવામાં આવશે. આ ઉપરાંત વિજ્ઞાનપ્રવાહની દરેક શાળાએ તેની પ્રથમ મેરીટ યાદી તા. ૭ જૂન, બીજી મેરીટ યાદી ૧૨ જૂન તેમજ ત્રીજી મેરીટ યાદી ૧૬ જૂનના રોજ બહાર પાડવાની રહેશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું છે.

# જીવન તો વહેતા પ્રવાહ સમાન છે તેમાં વિચારોના વમળોમાં અટવાયા વિના આગળ વધવું જોઈએ, દરેક કાર્યમાં શ્રેષ્ઠતાનો આગ્રહ રાખવો, નિશાન ઊંચું જ તાકવું

## સંસ્કાર ચિતન

અનંત ન. વ્યાસ

'હિતં ન કિશ્ચિદ્વિહિતં પરસ્ય, દાનમ્, દાનમ્ ન દત્તમ, ન ચ સત્યમુવતમ્
યસ્મિન્દિને નિષ્ફલતાં પ્રયાત સ એવં કાલ પરિવેદનસ્ય'

જે દિવસે અન્યજનનું જરા પણ હિત ન કર્યું હોય, દાન ન દેવાયું હોય, કે સત્ય ન બોલાયું હોય, તો તે કાળ તદ્દન નિષ્ફળ ગયો ગણાય, તે શોચનીય છે.

-સુભાષિત

આ એક વિચારણીય સુભાષિત છે. કેટલાક કાઠિયાવાડી દૂહાઓમાં 'એનો એળે ગયો અવતાર' તેવું ચોથું ચરણ છે. મતલબ કે ચોક્કસ કરવા જેવા સત્કર્મો જો જીવન દરમિયાન ન કર્યા તો જીવન નિરર્થક ગયું. મહામૂલા આ માનવ જીવનમાં કંઈ પણ પ્રાપ્ત ન કર્યું. તેની વિસામણ જીવનના અંતે થાય તો તેનો કશો અર્થ નથી. જીવન પ્રભુનો પ્રસાદ છે. એ પ્રસાદને પામ્યા પછી પણ જો ધન્યતા ન અનુભવાય તો પ્રસાદનું મહત્ત્વ ઘટે. જીવનની ધન્યતા તો જીવનનો પૂર્ણ સ્વીકારથી, સારા સત્કાર્યો કરવાથી, તથા અન્યને ઉપયોગી થવામાં છે. આનંદ તથા સંતોષ પ્રાપ્ત કરવાનો પણ આ જ માર્ગ છે. જીવાતું જીવન તો એક અદ્‌ભૂત યાત્રા છે. વિશિષ્ટ પ્રવાસ છે. આ અંતિમ મુકામ નથી. આ તો ક્ષણિકનો વિરામ ઘાટ છે. ઊતાવળમાં ખોટી દોડાદોડીમાં, કે શુલ્લક સંઘર્ષોમાં જો સમય વેડફાય તો જીવનની મહત્તા સાર્થકતાનો અનુભવ થતો નથી પરંતુ સકારાત્મક વિચારોથી વસ્તુ તથા વ્યક્તિની ઉજળી બાજુ જોવાથી, દરેક બાબતમાં શુભ જ થવાનું છે તેવી દૃઢ માન્યતાથી જીવન ધન્ય બને છે.

જીવનમાં માત્ર દુઃખ જ છે અને સુખના તો માત્ર ઝાંઝવા છે. તેમ માનવું એ તો અન્યાય સમાન ગણાય. કેટલાક સુખો સુખકર હોવા છતાં ટાળવા જેવા હોય છે. સુખ માનવીને છીછરો, અભિમાની તથા વ્યક્તિવાદી બનાવે. દુઃખ માનવીને ધીર-ગંભીર બનાવે. સુખદ પરિસ્થિતિની પ્રાપ્તિ માટે તો પ્રેમભાવને વિસ્તારવો જોઈએ. સુખ કે દુઃખ માટે પરિસ્થિતિને દોષ દેવો વ્યાજબી નથી. કોઈ સ્થિતિ અર્થહિન કે હેતુહિન હોતી નથી. પરિસ્થિતિમાં સાનુકૂળ કે પ્રતિકુળ જેવું પણ કંઈ હોતું નથી. આપણે ચોક્કસ સંયોગોમાં જે પ્રતિભાવ આપીએ તેના પર જ આપણા સુખ કે દુઃખનો આધાર હોય છે. તેથી જીવન - સંધ્યા સમર્થ વહી ગયેલા સમય પર વિશાદ્ કરવાથી કશો અર્થ સરતો નથી.

જીવનમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે જ્ઞાની લોકોએ માર્ગ શોધી રાખ્યો છે. દરરોજ રાત્રે સૂતા પહેલાં માત્ર થોડો સમય આ માટે ફાળવવો તેમ ઋષિઓનું મંતવ્ય છે. જગતગુરૂ શંકરાચાર્ય કહે છે સુતા પહેલા માણસે પોતાના દૈનિક વર્તન તરફ નજર નાખવી અને વિચારવું કે મારું આજનું વર્તન પશુતુલ્ય રહ્યું કે માનવીય. એક જૈન-મુનિ આ બાબતમાં જણાવે છે કે રાત્રે સૂતાં પહેલાં માત્ર કે માત્ર પાંચ મિનિટ દિવસભર કરેલો તમામ કર્મોને ક્રમ-પ્રમાણે તમારી સ્મૃતિમાં ઉપસાવો. તેને ફિલ્મની જેમ નજર સમક્ષથી પસાર થવા દો. તમે માત્ર સાક્ષીભાવે નિહાળો, તો તમારા દૈનિક કર્મો કેટલા સદોષ કે નિર્દોષ છે તેનું તમને તુરંત સ્પષ્ટ દર્શન થશે. પરિણામે તમારા જીવનમાં પરિવર્તન આવશે. કયાં કેવા પ્રસંગે તમે સંતુલન ગુમાવ્યું. કયાં આસક્ત થયા કે કયાં નિર્લેપ રહ્યા તે સ્પષ્ટ જણાશે.

આપણા હૃદયના ઊંડાણમાંથી પ્રશ્ન ઊઠવો જોઈએ કે આજના દિવસમાં મેં કોઈના હિતનું નાનું સરખું કાર્ય કર્યુ ? કે પછી વ્યર્થ વિતંડાવાદમાં દિવસ ગુમાવ્યો ? દિવસ દરમિયાન જે કોઈ વ્યક્તિ - વસ્તુ કે પદાર્થ આપણા સંપર્કમાં આવ્યા હોય તે તમામ સાથે પૂર્વના સંબંધનો કોઈને કોઈ તંતુ અવશ્ય જોડાયેલો હોય છે. આ તાતણાંને વધુ મજબૂત કરવો કે નબળો પાડવો તે આપણા સ્વભાવ સાથે જોડાયેલ હોય છે. આ તાંતણાને વધુ મજબૂત કરવો કે નબળો પાડવો તે આપણા સ્વભાવ સાથે જોડાયેલ બાબત છે પરોપકારી કાર્યો માટે જેટલી ક્ષણો આપણે ફાળવીએ એ સમય આપણા ચૈતન્યમાં દિવેલ જેવું કાર્ય કરે છે. આપણા પોતાના માટે નહિં. પણ આસપાસનાં માણસો માટે નિઃસ્વાર્થ ભાવે કરાયેલું કામ તમારી કર્મશક્તિને બેવડાવે છે. જીવનમાં કરવા જેવા ઘણાં સત્કર્મો છે. પણ આપણે કયું કામ સારામાં સારી રીતે કરી શકીએ તે વિચારી કામ પસંદ કરવામાં ડહાપણ છે. કોઈ પણ કાર્યમાં 'આ તો ચાલશે કે ચલાવી લેશું' તેવો ભાવ ન ધરવો. 'હાલશે ચાલશે, કે ફાવશે' જેવા શબ્દો કર્મગતિને નબળી પાડે છે. કાર્યની શ્રેષ્ઠતા નંદવાય છે. ગમે તેવું કાર્ય કરો, પણ તે શ્રેષ્ઠ કરો. સર્વને ઉપયોગી થાય તેવું કરો. ઘણીવાર આપણી શારીરિક કે આર્થિક પરિસ્થિતિના કારણે ઈચ્છા હોવા છતાં સત્કર્મો થઈ ન શકે. તો તેનો અફસોસ ન કરવો. પરંતુ સમગ્ર સમાજનું ઉત્થાન કયા માર્ગે થાય તેના સકારાત્મક વિચારો કરવા. દૃઢ મનોબળ સાથે, સમાજ અનિષ્ઠ બળોમાંથી છૂટે તેવી પરમાત્માને પ્રાર્થના કરવી. સમાજ હિતકારક વિચારો પણ પરોપકારનું કાર્ય છે. પીપા ભગત કહે છે. 'પીપા પાપ ન કીજીએ, પાય ન કર્યે પુન્ય હોય' પુન્ય કરવાની શક્તિ ન હોય - પણ પાપોમાંથી અટકવાની શક્તિ તો હોય જ. કોઈનું હિત ન સધાય તો કંઈ નહીં પરંતુ અહિત તો ન કરવું.

જીવનની એક સાર્થકતા દાનની પણ બતાવી છે. જીવનમાં તો વારંવાર સંયોગો બદલાતા જાય. સંજોગોનું નિયંત્રણ આપણા હાથમાં હોતું નથી. ગમે તેવો શક્તિશાળી પણ ઘડીના છઠ્ઠા ભાગમાં ધુળ-ચાટતો થઈ જાય છે. માટે ભગવાને જે કંઈ આપ્યું હોય તેનું અભિમાન ન કરતાં દાન -પ્રવાહ સતત વહેતો રાખવો. સુપાત્ર વ્યક્તિને શોધી - ખાનગી રાહે મદદ પહોંચાડવી. દાન કયારેય કીર્તિ માટે ન કરવું. દાન કર્યા પછી તેનો વિચાર ન કરવો કે ન વિગત જાહેર કરવી. સમાજ કે વ્યક્તિની પરિસ્થિતિનો યોગ્ય નીચોડ કાઢી તમારી સ્વેચ્છાએ દાન આપવું. દાનમાં પ્રતિફળની આશા રાખવી તે અયોગ્ય છે. હવે તો ઘણી સેવાભાવી સંસ્થાઓ સામાજિક કાર્યો કરતી હોય છે. તેમાં નિયમિત દાન આપવાનો સ્વભાવ કેળવવો. કોઈ પણ સંસ્થાનો પુરો પરિચય ન થાય. ત્યાં સુધી તેના માટે હલકો અભિપ્રાય ઝટ પ્રગટ ન કરવો. હવે તો દાનના વિવિધ પ્રકારો પણ છે. ધનદાન કરતાં અન્નદાન અને તે કરતાં વિદ્યાદાન ઉત્તમ મનાય છે. એકાદ ગરીબ બાળકની ફી ભરી આપવી. પુસ્તકો લઈ દેવા. જેવા સામાન્ય કાર્ય થઈ શકે. શ્રમદાન - ચક્ષુદાન - રક્તદાન અને અંતે દેહદાન - આ તમામ દાન પાછળની ભાવના તો એ છે કે આ વિશ્વમાં જે કંઈ છે તે પરમાત્માનું છે. તેમાં પરમાત્માના સૌ સંતાનોનો ભાગ લે છે. ફોગટ ખાય તે ચોર ગણાય - તેવું ગીતાનું જ વિધાન છે. આપણા તો સંસ્કારો જ દાન દેવાના છે તે ન ભુલીએ. ગો-ગ્રાસ, પક્ષીને ચણ - કીડીયારું પુરવું. આ પ્રથાઓ દાન માટેની વ્યાપક યોજનાના જ ભાગો છે. જેને જાગૃત રાખવા જરૂરી છે. દિનચર્યામાં પરહિત.

દાન પછી સત્યાચરણની વાત છે. સત્ય વિષયક તો ઘણું લખાય છે. ઓશોના મંતવ્ય પ્રમાણે તો 'જે જીવનને નિર્બળ બનાવે તે કદાપિ સત્ય ન હોઈ શકે. સત્ય તો શક્તિ છે. પવિત્રતા છે સત્ય તો પરમ જ્ઞાન સ્વરૂપ છે. મહાત્માજી કહેતા' સત્યનો ગજ કોઈ માટે કયારેય ટૂંકો ન કરી શકાય. એ તો જીવનદાતા મિક્ચર છે. સત્યના પ્રકાશથી જ જીવન ઉજમાળું બને છે. એ તો સરળ તથા સહજ છે. તેના માટે કયારેક પ્રયત્નો નથી કરવા પડતા. સત્યને છુપાવવા પ્રયત્નો જરૂર કરવા પડે છે. મોટા ભાગનો સમાજ તો સવારથી સાંજ સુધી અસત્યનું રટણ કરતો રહે છે. અસત્યથી આપણે એવા તો ટેવાઈ ગયા છીએ કે આપણી જાત સાથે પણ ખોટો વ્યવહાર જ કરીએ છીએ. દર - રાત્રે વિચાર કરવો રહ્યો કે આપણે સત્ય તરફ કેટલા ડગલાં ચાલ્યા. જેમ ભગવાન પર શ્રદ્ધા રાખીએ છીએ, તેમ સત્યાચરણ પર પણ શ્રદ્ધા રાખવી જોઈએ. સત્ય આપણને ગમે ત્યાં દોરી જાય તો પણ કરવાની જરૂર નથી. એ વિજયનો જ માર્ગ હશે. સત્યથી વ્યવહાર શુદ્ધિ થતા ચિત્તશુદ્ધિ સધાય છે. આપણે વારંવાર દુઃખી થઈએ છીએ. કારણ કે આપણા આંતર ચિત્તમાં વિસંગતતા સર્જાય છે. જયાં સુધી માનવી સંઘર્ષમય જીવન જીવે છે ત્યાં સુધી તે સત્યના દરવાજે પહોંચતો નથી. સત્ય હાવભાવ, શબ્દ તથા અર્થથી પર વધારે તત્ત્વ છે 'ન સત્યમુક્તમ્' માં વિચાર- વાણી તથા આચરણ - ત્રણેનો સમાવેશ કરાયો છે.

ઉપરોક્ત સુભાષિતમાં કાળ નિષ્ફળ ગયો, તેવું જે સૂચન છે તે આપણું જીવન નિરર્થક ગયું તેવું દર્શાવે છે. જીવન તો વહેતા પ્રવાહ સમાન છે તેમાં વિચારોના વમળોમાં અટવાયા વિના આગળ વધવું જોઈએ. દરેક કાર્યમાં શ્રેષ્ઠતાનો આગ્રહ રાખવો. નિશાન ઊંચું જ તાકવું દુઃખ માંદગી અને નિષ્ફળતા એ પ્રકૃતિના નિયમોના ભંગની સજા છે. નજર સમક્ષ સદૈવ કંઈ સુંદર જ રાખવું તમારું માનસ પણ સૌંદર્ય પ્રિય બનશે. પરહિતમાં થોડા ઘસાવું પણ પ્રમાદમાં કરાવું નહિં પોતાના દૈનિક કર્મોનું નિત્ય નિરીક્ષણ કરતાં જઈશું તો ડગલે ડગલે આગળ વધતાં વધતાં પરમને પ્રાપ્ત કરશું.